# માહિતી(મેળવવાના) અધિકાર
# અધિનિયમ-૨૦૦૫

## અધિનિયમન કલમ-૪ (ખ) હેઠળ ની વિગતવાર માહિતી આપતી પુસ્તિકા / માર્ગદર્શિકા વોલ્યુમ-૨

## વિભાગનુ નામ-નવા પશ્ચિમ ઝોન-ઈજનેર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મહાનગર સેવા સદન

**નવા પશ્ચિમ ઝોન-ઈજનેર વિભાગ**

# પ્રકરણ-૧
# સંગઠનની વિગતો,
# વ્યવસ્થાતંત્ર,કાર્યો અને ફરજો


# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# મહાનગર સેવા સદન
# નવા પશ્ચિમ ઝોન -ઈજનેર વિભાગ

વ્યવસ્થાતંત્રમાં ડે.મ્યુનિ.કમિશનર, એડી.સીટી એન્જીનીયર, ડે.સીટી એન્જીનીયર, આસી.સીટી એન્જીનીયર, આસી.એન્જીનીયર,ટેકનીકલ સુપરવાઈઝર તથા નોન ટેકનીકલ સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. ડ્રેનેજ, પાણી, રોડ તથા મ્યુનિ.બિલ્ડીંગ બનાવવા અંગેની કામગીરી તેમજ મેન્ટેનન્સ અને રીપેરીંગને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ ડ્રેનેજ અને પાણીના કનેકશનો આપવામાં આવે છે

# પ્રકરણ-૧

# સંગઠનની વિગતો,વ્યવસ્થાતંત્ર,કાર્યો અને ફરજો

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MAHANAGAR SEWA SADAN**
**NEW WEST ZONE - ENGINEERING DEPARTMENT**


DY.M.C.
NEW WEST ZONE
ADDL.C.E.
NEW WEST ZONE
DY.C.E (1)
NEW WEST ZONE
DY.C.E (2)
NEW WEST ZONE
DY.C.E (3)
NEW WEST ZONE
Asst.City Engr.
Asst.City Engr.
Asst.City Engr.
Asst.Engr.
Asst.Engr.
Asst.Engr.
Tech.Supervisor
Tech.Supervisor
Tech.Supervisor

# પ્રકરણ - ૨

# અધિકારીઓ તથા કર્મચારીઓની

# સત્તાઓ અને ફરજો

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# મહાનગર સેવા સદન
# નવા પશ્ચિમ ઝોન-ઈજનેર વિભાગ

પ્રકરણ - ૨
અધિકારીઓ તથા કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

## (1) DEPUTY MUNICIPAL COMMISSIONER (ZONE)

મ્યુનિસિપલ કમિશનરશ્રીની મળેલ મંજૂરી અનુસાર ડે.મ્યુ.કમિશનરશ્રીઓને સબંધિત ઝોનમાં નીચેના અધિકારો / ફરજો સુપ્રત કરવામાં આવે છે.

(૧) નાણાંકીય સત્તા (ઓફર-કવોટેશન પૂરતી બધા જ ખાતા માટે) :-

- ડે.મ્યુ.કમિશનર શ્રી. : રુ. ૧,૨૫,૦૦૦/-
- મ્યુનિસિપલ કમિશનરશ્રી : રુ. ૩,૦૦,૦૦૦/-

(૨) ઈજનેર ખાતુ :-

(૨) રુ.૧, ૨૫,૦૦૦/- સુધીની ફાઈલ આસી.સીટી એન્જીનીયરશ્રી દ્વારા તૈયાર કરી સીધી એડી.સીટી એન્જીનીયરશ્રી મારફતે ડે.મ્યુ.કમિશનરશ્રીને મુકવામાં આવશે. મંજુરી મળ્યા બાદ ફાઇલ સીધી ડે.સીટી એન્જીનીયરશ્રી તરફ અને ત્યાંથી આસી.સીટી એન્જીનીયરશ્રી તરફ મોકલવાની રહેશે.

(૩) રુ. ૧,૨૫,૦૦૦/- ઉપરાંતની કોઈપણ બજેટની ફાઈલો આસી.સીટી એન્જીનીયરશ્રી દ્વારા તૈયાર કરીને એડી.સીટી એન્જીનીયરશ્રી મારફતે ડે.મ્યુ.કમિશનરશ્રી ત્યાર બાદ મ્યુનિ.કમિશ્નરશ્રી ને મુકવામાં આવશે. મંજુરી મળ્યા બાદ ફાઇલ સીધી ડે.સીટી એન્જીનીયરશ્રી તરફ અને ત્યાંથી આસી.સીટી એન્જીનીયરશ્રી તરફ મોકલવાની રહેશે.

(૪) ઈજનેર ખાતામાં આવતી દૈનિક લોકફરિયાદોનું સુપરવિઝન અને રીવ્યુ લેવો.

(૫) ઝોન કક્ષાએ ચાલતા રેવન્યુ/કેપીટલ/એમ.પી./એમ.એલ.એ./કાઉન્સીલરશ્રી દ્વારા ફાળવાયેલ બજેટના કામોનું સુપરવિઝન તથા રીવ્યુ કરવો.

(૩) હેલ્થ ખાતું :-

(૧) ઝોનની દૈનિક સફાઈ તથા ઘન કચરાના નિકાલની કામગીરી અંગેનું સુપરવિઝન કરવું.
(૨) ઝોનમાં મેલેરીયા/એપેડેમીક વિભાગની કામગીરીનું સુપરવિઝન કરવું.
(૩) ઝોન કક્ષાએ થતા હેલ્થ વિભાગના રાષ્ટ્રીય કાર્યક્રમ અંગેની કામગીરીનું સુપરવિઝન કરવું.

(૪) એસ્ટેટ ખાતું :-

- રોડ લાઈન હીઅરીંગ
- અમલ નકકી કરવા
- જાહેર ખબરના હોર્ડીંગ્ઝ ઉભા કરવા, કે હયાતદૂર કરવા
- અન્ડર ગ્રાઉન્ડ યુટિલિટી નાખવા માટે, રોડ ખોદકામની મંજૂરી,
- મેદાન, પ્રિમાઈસીસ ભાડે આપવા (સ્ટે.કમિટીના ઠરાવ સહિત) મંજૂરી

-

વિકાસ પરવાનગી / બી.યુ. પરવાનગી માટે નીચે મુજબની કક્ષા નકકી કરીએ.

| | | |
|---|---|---|
| રહેણાંકના સ્વતંત્ર મકાનોમાં સુધારા-વધારા | આસી.ટી.ડી.ઓ.(ઝોન) | આસી.ટી.ડી.ઓ.(ઝોન) |
| રહેણાંકના સ્વતંત્ર બિલ્ડીંગ યુનિટ | ડે.ટી.ડી.ઓ.(ઝોન) | ડે.ટી.ડી.ઓ.શ્રી. |
| રહેણાંક સ્કીમના મકાનો, મીક્ષ ડેવલપમેન્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ | ડે.મ્યુ.કમિશનરશ્રી (ઝોન) | આસી.મ્યુ.કમિશનર શ્રી (ઝોન) |
| લો-રાઈઝ કોમ.સ્કીમ | ડે.મ્યુ.કમિશનર શ્રી (યુ.ડી.) | ડે.મ્યુ.કમિશનર શ્રી (ઝોન) |
| હાઈરાઈઝ અને સ્પેશીયલ સ્ટ્રકચર પેટ્રોલપંપ, મીલલેન્ડ અને અન્ય | મ્યુ. કમિશનર શ્રી | ડે.મ્યુ.કમિશનર શ્રી.(યુ.ડી.) |
| ખાસ પ્રકારની મુકિત (કોન્ડોનેશન) | મ્યુ. કમિશનર શ્રી | મ્યુ. કમિશનર શ્રી |

(૫) ટેક્ષ ખાતું:-

- ડે.એસે.એન્ડ ટેક્ષ કલેકટર શ્રી. :- રૂા. ૨૫,૦૦૦/- સુધી
- એસે.એન્ડ ટેક્ષ કલેકટર શ્રી. :- રૂા. ૫૦,૦૦૦/- સુધી
- **DY.ATC +ATC+Zonal Asst.M.C. :-**રૂા.૫૦,૦૦૦ થી રૂા ૨,૦૦,૦૦૦/-
- **DY.ATC +ATC+Zonal DY. M.C. :-** રૂા.૨,૦૦,૦૦૦/- થી રૂા.૫,૦૦,૦૦૦/-
- **DYMC** કમિટી **[**ત્રણ **DYMC** અને **DYMC (Tax)] :-** રૂા.૫,૦૦,૦૦૦ /- ઉપર
- મ્યુનિસિપલ કમિશનરશ્રી :- રૂા.૧૦,૦૦,૦૦૦/- ઉપર

(૧) ઝોનમાં થતી ટેક્ષની દૈનિક આવકનો રીવ્યુ લેવો.
(૨) ઝોનમાં થતી આકારણીની કામગીરીનો સમયાંતરે રીવ્યુ લેવો.
(૩) ઝોનમાં આવતી ટેક્ષ અંગેની ફરિયાદોને સાંભળવી અને તેનો નિકાલ કરવો.

(૬) વહીવટી સત્તા :-

(૧) ઝોનની તમામ વહીવટી કામગીરી આસી.મ્યુ.કમિશનરશ્રી મારફતે રજૂ કરવાની રહેશે.
(૨) ખાનગી અહેવાલ :- ઝોનના નીચેના અધિકારીઓના ખાનગી અહેવાલ આસી.મ્યુ.કમિશનરશ્રીએ રહેશે અને ડે.મ્યુ.કમિશનરશ્રીએ સમીક્ષા કરવાની રહેશે.

- ડે.સીટી એન્જીનીયર, ડે.ટી.ડી.ઓ., ડે.હેલ્થ ઓફિસર, ડે.એસે.એન્ડ ટેક્ષ કલેકટર, આસી.મેનેજર (વહીવટ)
- આ સિવાય ઝોન કક્ષાના અન્ય ખાતાને લગતા કામો અંગેનું સુપરવિઝન કરવું.
- ઝોનલ તમામ કામગીરીનું ડે.મ્યુનિ.કમિશનરશ્રીને સમયાંતરે રીપોર્ટીંગ કરવું.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સુચવવામાં આવતા અન્ય ઝોનલ કામગીરી બજાવવવાની રહેશે.

## (2) ADDITIONAL CITY ENGINEER (ZONE)

1. He shall plan overall improvement and development of water S.W.D., Roads and Drainage service of his zone, and shall keep in touch and co-ordination with Project Division as well as Electrical -Mechanical Section for timely implementation. He will also balance the proper water distribution in his zonal areas and make suitable changes in network and valve controls, wherever and whenever necessary.
2. He shall check the complaint registers at least once on a fortnight, ensure that the complaints are attended regularly and promptly.
3. He will guide his staff for structural improvement of Municipal Building, Public Toilets, and Sanitary Blocks etc. He will monitor his staff in well planned maintenance and desilting of Strom Water Drains, Catchpits, Drainage lines, Manholes before and during monsoon.
4. Addl.C.E. will be responsible for planning of Budget for works under him and at the same time he will have to keep up the progress of the works to meet with the Budget provision. Addl.C.E. will monitor the preparation of tender documents, specification of each of the items, their rates and the time schedule (time limit) for completion of work.
5. Addl.C.E. will keep an up to date record for the works carried out from (1) Govt. or any other grant (2) Govt. or any other loan (3) Works under M.P. Budget (4) Works under M.L.A. Budget (5) Works under Municipal Councilors budget with him.

## (3) DEPUTY CITY ENGINEER (ZONE)

1. Deputy City Engineer will see overall maintenance of engineering services in his wards. He will keep the close watch on the zonal and tube well station and drainage pumping station of his wards.
2. He will arrange to solve the water supply and drainage complaints and shall on top most priority take personal visit to solve complaints outstanding for more than 4 days and also all major breakdowns immediately.
3. He will also arrange the working of road gangs in his wards according to urgency and importance of the respective sites.
4. Deputy City Engr. will visit muster station/stores in his wards once a fortnight and will review the compliance of public complaints and stock of materials required for engineering works.
5. Deputy City Engineer shall assess the quantity and requirement of desilting of drainage lines and storm water drains in his area and will arrange and will verify that the desilting is done satisfactorily particularly before monsoon.
6. He will monitor general establishment in his wards, arrange for departmental truck carting and will regulate the temporary establishment of technical staff and laborers
7. He will help the Addl.C.E. in procuring the material of engineering works from Central stores. He will make proper assessment well in advance and check the stock in his zonal sub stores.
8. He will initiate planning pertaining to augmentation of water pipe line and sewer lines in his area.
9. He will co-ordinate with Torrent Power Ltd. (A.E.Co.), G.E.B., and BSNL (Ahmedabad Telephones) as well as other agencies for inter department issues, such as R.O. permit fixing of alignment, recover of reinstatement charges etc.

10. The Draftsman and Zonal drawing braches staff will be working under his guidance

11. He will take up the labor problems, establishment schedule and negotiation with labor unions.

12. He shall work as per instruction of higher officers.

## (4) ASSISTANT CITY ENGINEER (ZONE):-

(1) Asst.C.E. will take care of all engineering services and work in their respective wards. They will monitor all the complains regarding drainage overflow, M.H., repairs public toilets repairs, water shortage, water line leakages, pollution, New water connection and drainage connection.

(2) Asst.C.E. will attend his maintenance stores at least once a week. He will be available at one of his stores in the morning hours for half an hour i.e. from 8.00 to 8.30 A.M. He shall check the muster/presence of each department stores staff working under him at least once in a fortnight.

(3) His technical supervisors will help him in taking levels, drawing 'L' section, cross section etc., while executing the resurfacing work of major roads. It will be the full responsibility of Asst.C.E. to see that all service lines and cross pipes are laid in time strictly as per specifications.

(4) He will check the working of staff under him i.e. Asst.Engr, Technical Supervisors, Supervisors, Manhole Inspectors, Manhole Sub Inspectors, Lineman, Sluice Valve Inspector etc.

(5) To take lead to monitor and control the pollution cases.

(6) To verify & check the section of new water connections with byelaws and rules and regulations.

(7) He will verify and monitor the working of chlorination system, foundations and fixing of pumps motors with base plates, bolts-nuts etc.

(8) He will co-ordinate with laboratory staff in taking samples, testing the quality of water, and will keep records of the same.

## (5) ASSISTANT ENGINEER (ZONE): -

An Assistant Engr. has to work under the instruction of Asst. City Engr. He will be responsible for day-to-day complaint and maintenance of the ward.

- **Water**

A. Attend the distribution W.P.L. leakages and main water pipe line leakages. This shall be attended within maximum of two days time.

B. He will check pressure, leakages, illegal connections, illegal or direct motoring and will take suitable actions. Thus he has to control and balance water distribution network under the guidance of Asst.C.E.

C. He will put up proposals for replacement of A.C., R.C.C. and P.V.C. water pipe lines, controlling system, cleaning of water pipe lines, wash out and will execute it.

D. He will be responsible for minor civil maintenance works and overall outlook and cleanliness of tube well station in his ward

E. To keep perfect records, of the pipes, materials and specials supplied to the Contractor and those used on site.

- **Road**

**A.** He will examine permit for road opening in materials, will recommend if and will reinstate the road after receiving completion report from executing agencies.

**B.** He will responsible for cleaning of catchpits, storm water drains etc. and will do efficient disilting of S.W.D. and catchpits in his ward

**C.** He will look after minor and immediate repairs maintenance of central verge, traffic island etc.

- **<u>Drainage</u>: -**

**A.** He will attend the complaints of drainage overflowing, M.H. repairs, breakdowns and public toilets repairs and will take suitable immediate action.

**B.** He will inspect sites of 90x10 subsidy toilets applications, will issue work orders, will verify the work on completion and will recommend the payment.

**C.** He will arrange for regular desilting of branch and sub branch drainage lines through departmental labors.

**D.** He will inspect main drainage line of ward with Manhole Sub-Inspector once a week and will attend the irregularity, if any. He will also prepare the estimates for desilting of drainage lines, and will get them executed at proper time i.e. well in advance before on set of monsoon.

**E.** He will inspect sites of drainage connection and get the connection done after all technical verification and getting the charges deposited in A.M.C.

**F.** If any irregular drainage connection is found in the ward, it will be the sole responsibility of the Assistant Engineer to stop it, disconnect it and take appropriate action.

- **Building: -**

**A.** An Assistant Engr. in the ward will take care of all the Municipal Building and compound wall or fencing of open plots in his ward. He will arrange for day to day repairs, stop water line leakage as well as tap leakages, replace all leaking pipes and water taps, arrange to give clean water to the consumers (U.G tanks and O.H tanks shall be cleaned regularly).

**B.** Leaking roofs and slabs shall be attended and promptly disposal of rainwater shall be smooth and efficient.

**C.** He shall keep the compound of Municipal building fully secured by maintaining compound wall gates, wire fencing etc.

**D.** All departmental staff and laborers shall be given adequate works for full utilization of staff employees and A.E. will closely regulate them and supply them with adequate building materials.

# પ્રકરણ - ૩

# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની

# કાર્યપધ્ધતિ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## મહાનગર સેવા સદન
## નવા પશ્ચિમ ઝોન-ઈજનેર વિભાગ

પ્રકરણ -૩
નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

★ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે અનુસરવામાં આવતી કાર્યપધ્ધતિ

જુદા જુદા કામો અંગે નિર્ણય માટે અસ્તિત્વ પાવર ડેલીગેશનના અમલમાં રહેલા નિંયમો અંર્તગત જરુરે નિર્ણય લેવા માટે સંબઘીત આ.ઈ./આ.સી.ઈ./ડે.સી.ઈ. દ્વારા પ્રપોઝલ એડી.સીટી ઈજનેર મારફતે ડે.મ્યુ.કમિશ્નરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી તરફ નિર્ણય માટે સંપુર્ણ વિગતો સાથે નોંધ મુકવામાં આવે છે અને મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા સંબઘીત કમીટી કે જનરલ બોર્ડ દ્વારા જરુરી નિર્ણય ઠરાવવામાં આવે છે. જેનો અમલ કરવામાં આવે છે.

# પ્રકરણ - ૪ અને ૫

# કાર્યો બજાવવા નક્કી કરેલ ધોરણો તથા

# કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમ

# સંગ્રહ,દફતરો

## અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશન
## મહાનગર સેવા સદન
## નવા પશ્ચિમ ઝોન -ઈજનેર વિભાગ

પ્રકરણ -૪ અને ૫
કાર્યો બજાવવા નક્કી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિમયો, સુચનાઓ, નિયમ સંગ્રહ, દફતરો

ઈજનેર ખાતામાં કાર્યો બજાવવા માટે નીચે મુજબના વિનિમયો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોને અનુસરવામાં આવે છે.

★ બી.પી અમે.સી.એકટ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, અમદાવાદ. મ્યુ.કોર્પોરેશન ઠરાવ નં ૭૦૯
તા ૨૦-૧૦-૮૪

શ્રી શૈલેષભાઇ રમણીકલાલ ઠક્કરના શ્રી રાકેશભાઇ નવીનચંદ્ર પરીખના ટેકા સાથેની દરખાસ્ત

~~મ્યુ.કમિશનરશ્રીનો પત્ર,~~ ~~ખાતું નં.~~ ~~તા. -૨૦૧૩~~

ઉપર થયેલા સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવની નકલ.

સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ ગુરૂવાર તા.૨૮-૦૨-૨૦૧૩ ના રોજ બપોરના ૪.૩૦ વાગે સ્ટેન્ડીંગ કમિટી રૂમમાં મળી હતી. તેમાં થયેલા ઠરાવની નકલ.

તા. કામ નં. ૨૮ ઠરાવ નં. ૧૮૪૨ સને ૨૦૧૨-૨૦૧૩

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ ખાનગી સોસાયટીઓ તેમજ ફલેટ્સમાં રસ્તા, ફૂટપાથ, પથ્થર પેવીંગ, આર.સી.સી. વિગેરે જાહેર સુખાકારીના કામો કરવા માટે મ્યુ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી ૮૦% અને ૨૦% લોકફાળાથી કરવાની હયાત નીતિમાં જે તે સોસાયટી / ફલેટ્સની ખુલ્લી માર્જીનની જગ્યા તથા કવર્ડ પાર્કીંગ એરીયાનો પણ સમાવેશ કરી સદરહુ જગ્યાઓએ પણ આ કામગીરી માટે થનાર ખર્ચના મ્યુ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી ૮૦ % ફાળવવાની અને ૨૦ % મુજબનો લોકફાળો લેવાની અને આ કામગીરી કરવાની તે મુજબના સુધારા સહિતની નીતિનો અમલ કરવાની મ્યુ.કોર્પો.ની મંજૂરીની અપેક્ષાએ મંજુરી આપવામાં આવે છે. આની મ્યુ.કોર્પો.ની મંજુરી મેળવવી.

બોર્ડ ક્લાર્કશ્રી (સંકલન વિભાગ)
સ્ટેન્ડીંગ કમિટીના
ઠ.નં. ૧૮૪૨ તા. ૨૮/ ૨ /૨૦૧૩
ની મુ. ફા./દરખાસ્તની મુ. ફા. મોકલેલ
છે. જેનુ કામ મ્યુનિ. કોર્પો.ની આગામી
માસિક સામાન્ય સભાના એજન્ડામાં
સામેલ થનાર છે.

સંકલન અધિકારી
(બોર્ડ / કમિટી)

નકલ રવાના જાણ સારૂ
ડે.મ્યુનિ. કમિશ્નરશ્રી (...)
[illegible handwriting]

ખરી નકલ તા. ૦૫- ૦૩ -૨૦૧૩

આસી.ટુ
સ્ટે.કમિટી

મ્યુ.સેક્રેટરી

નકલ રવાના મ્યુ.કમિ.શ્રી તરફ તા. ૦૫ -૦૩ -૨૦૧૩

આસી.ટુ

મ્યુ.સેક્રેટરી

**નોંધ :-**

(૧) ઉપરોક્ત રસ્તા માટેની સવલત જ્યાં રસ્તાની પહોળાઇ ૧૦‘ ફૂટ હોય તથા તે એક જ સોસાયટી અથવા એસોસીએશનના બે કે તેથી વધુ મકાનોને એપ્રોચ પૂરો પાડતો હોય અને જે પબ્લીક ટ્રાફિક માટે ખુલ્લો રાખવામાં આવતો હોય તેવી સોસાયટી ઓ અથવા એસોસીએશનોને જ લાભ મળશે.

(૧) રસ્તાની ૧૨‘ ફૂટથી વધારાની પહોળાઇ વોટર ટેબલ કર્બ, સ્ટ્રોમ વોટર ડ્રેઈન, કેચપીટ વિગેરેનો પૂરેપૂરો ખર્ચ સોસાયટી/એસોસીએશન પાસેથી વસુલ લેવામાં આવશે.

<u>સામાન્ય શરતો</u> :-

(૧) ઉપરોક્ત નીતિમાં સ્લમ્સ-ચાલીઓનો સમાવેશ થતો નથી.

(૨)પાણી, ગટર, સ્ટ્રીટલાઇટ, રસ્તાની સવલતો ‘વહેલા તે પહેલા‘ ના ધોરણે જે રજી.સોસાયટીઓ, એસોસીએશનનોને બિલ્ડીંગ યુઝ પરમીશન મળી હશે.(એટલે કે જેનાં બાંધકામના મ્યુ.કોર્પોરેશને મંજુર કરેલ પ્લાન પ્રમાણેનાં હશે) તેવી ને આપવામાં આવશે.

(૩)રજીસ્ટર્ડ સોસાયટી, એસોસીએશનોને તથા જે સોસાયટીઓએ જરૂરી ડીપોઝીટની રકમ મ્યુ.કોર્પોરેશનમાં જમા કરાવેલ છે તે સોસાયટીઓને રાહતાના દરે રસ્તા કરી આપવાની સવલત આપવામાં આવશે.જે સોસાયટીઓ - એસોસીએશનમાં કુલ મેમ્બરોના ઓછામાં ઓછા ૫૦% સભ્યો જો શીડયુલ કાસ્ટ અથવા શીડયુલ ટ્રાઇબ્સના હશે તેવી સોસાયટી/એસોસીએશનોને અગ્રીમતા આપવામાં આવશે.

(૪)કોઇ પણ હાઉસીંગ કમ કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં (હાઉસીંગ સેટલમેન્ટમાં) કે જેમાં સેટલમેન્ટના કુલ બાંધકામના ક્ષેત્રફળ પૈકી ૫% થી વધુ ક્ષેત્રફળ દુકાનો, કોર્મશીયલ પરપઝ તથા બીન વસવાટના હેતુઓ માટે વાપરાવામાં આવેલ હોય તેવી યોજનાઓને આ રાહતના નીતિનો લાભ મળી શકશે નહી. પરંતુ સંપૂર્ણ ખર્ચ લઇ કામ કરી આપવામાં આવશે.

## સ્ટે.કમિટી તા.૨૩-૦૬-૧૧ ની મીટીંગનાં તાકિદના કામોની નોંધ

**તા.કામ નં ૨૯**

શ્રી મનુભાઇ જીવણભાઇ ભરવાડે શ્રી રાકેશભાઇ નવીનચંદ્ર પરીખના ટેકા સાથેની દરખાસ્ત મુકી કેઃ- મ્યુનિસિપલ કોર્પોરેશનનાં બજેટમાં ૧૫,૨૫,૪૦,૬૦ ટકાના ખર્ચે ખાનગી સોસાયટી તથા હાઉસીંગ બોર્ડના મકાનોમાં પાણી,ગટર,રસ્તા,પેવ્વીંગ, લાઇટીંગ વિગેરેના કામો કરવા અંગેની જોગવાઇ છેતેમજ કાઉન્સીલર બજેટ તથા ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ વિગેરેમાં આવા કામો કરાવવામાં આવે છે, તેમાં કાયદેસર સોસાયટીની કોને ગણવી તેની વ્યાખ્યામાં નીચેની શરતો રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧)સોસાયટી કો.ઓ. હાઉસીંગ સોસાયટી તરીકે અથવા નોન ટ્રેડીંગ કોર્પોરેશન અંતર્ગત રજીસ્ટર થયેલ હોવી જોઇએ.

(૨)સોસાયટીનો લે આઉટ પ્લાન સમક્ષ સત્તા સામે મંજુર હોવો જોઇએ એટલેકે મ્યુનિસિપલ કોર્પોરેશન , ઔડા, નગરપાલિકા,ગ્રામપંચાયત પાસે લે આઉટ પ્લાન મંજુર થયેલ હોવો જોઇએ અને તે લે આઉટ પ્લાન પ્રમાણે જે તે સોસાયટી રસ્તા નકકી થયેલ હોવા જોઇએ.

(૩)જેતે ટેનામેન્ટ/ફ્લેટનો એરીયા તેના ગ્રાઉન્ડ ફ્લોરનાં કારપેટ એરીયા મુજબ કપાશે.

(૪)સોસાયટીનાં ઓછામા ઓછા ૭૦ ટકા સભ્યોનો સંપુર્ણ મિલ્કત વેરો ભરપાઇ થયેલ હોવો જોઇએ.

(૫)પાણી/ગટર કનેક્શન માટેનાં જે કોઇ કનેક્શન ચાર્જ વગેરે ભરવાનાં થતા હોય, તે તમામ સભ્યોની રકમ એડવાન્સમાં ભરાવવાની રહેશે.

(૬)જે સોસાયટી એસોસીએશનમાં કોલ મેમ્બરોનાં ઓછામાં ઓછા ૫૦ સભ્યો જો શીડયુલ કાસ્ટ અથવા શીડયુલ ટ્રાઇબ્સનાં હશે તેવી સોસાયટીઓ/એસોસીએશનોને અગ્રીમતા આપવામાં આવશે.

ઉપર જણાવ્યા મુજબની શરતો પુર્ણ થતી હોય તેવી સોસાયટી/ફ્લેટ/હાઉસીંગ બોર્ડનાં મકાનો વિગેરેમાં દર વર્ષે થતી જોગવાઇ મુજબ ૧૫%,૨૫%,૪૦%,૬૦% નાં ખર્ચે તેમજ માન. કાઉન્સીલરશ્રી તથા માન. ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી પાણી,ગટર,રસ્તા,પેવીંગ , લાઇટની સુવિધાનાં કામો કરાવવાનાં રહેશે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## નવા પશ્ચિમ ઝોન - ઈજનેર ખાતુ

<u>પાણી વિતરણની વ્યવસ્થા</u>

રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૪.૦૨.૦૬ના જાહેરનામાના ક્રમાંક : KV / 25 / 2006 / 1MN / 902006 / 410 / P થી સાત નગરપાલિકાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવેલ છે, ત્યારબાદ રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૦.૦૭.૦૬ ના જાહેરનામા ક્રમાંક : KV / 25 / 2006 / 1MN / 902006 / 410 / P થી વધુ ૧૦ નગરપાલિકા તથા ૩૦ ગ્રામપંચાયરનો સમાવેશ અ.મ્યુ.કો. ની હદમાં કરવામાં આવેલ છે. જે પૈકી નવા પશ્ચિમ ઝોનની હદમાં નીચે દર્શવેલ ૧૨ નગરપાલિકા ૧૮ ગ્રામપંચાયત વિસ્તારોનો સમાવેશ થાય છે.

| અનું. નં. | નગરપાલિકાનું નામ | અનું. નં. | ગ્રામપંચાયતનું નામ | અનું. નં. | ગ્રમાપંચાયતનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | બોડકદેવ | ૧ | ત્રાગડ | ૧૩ | મકતમપુરા |
| ૨ | મકરબા | ૨ | છારોડી | ૧૪ | ફતેહવાડી |
| ૩ | વસ્ત્રાપુર | ૩ | જગતપુર | ૧૫ | બાકરોલ |
| ૪ | થલતેજ | ૪ | ચેનપુર | ૧૬ | બડારાબાદ (વિસલપુર) |
| ૫ | સરખેજ | ૫ | ગોતા | ૧૭ | વણઝર |
| ૬ | વેજલપુર | ૬ | ઓગણજ | ૧૮ | નરીમાનપુરા |
| ૭ | મેમનગર | ૭ | ભાડજ | | |
| ૮ | ઘાટલોડીયા | ૮ | શીલજ | | |
| ૯ | કાળી | ૯ | હેબતપુર | | |
| ૧૦ | રાણીપ | ૧૦ | સોલા | | |
| ૧૧ | ચાંદલોડીયા | ૧૧ | નિર્ણયનગર | | |
| ૧૨ | જોધપુર | ૧૨ | આંબલી | | |

સરકારશ્રીના શહેરી વિકાસ અને અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉકત જાહેરનામાઓથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવેલ વિસ્તારોમાં બી.પી.એમ.સી. એકટની કલમ ૩ એ ની જોગવાઈ અનુસાર આવા વિસ્તારનો શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવે તેની તરત જ પહેલા શહેરમાં અમલમાં હોય તેવી તમામ નિમણુંકો, જાહેરનામાં, નોટીસો, કરવેરા, હુકમો, યોજનાઓ, લાયસન્સો, પરવાનગીઓ, નિયમો, પેટા - કાયદા, અથવા નમુના જે તારીખે આવા વિસ્તારનો શહેરમાં સમાવેશ કરવામાં આવે તે તારીખથી એવી રીતે સમાવિષ્ટ કરેલ વિસ્તારને લાગુ પડે છે અને અમલમાં રહે છે. આ અંગેના હયાત નિયમો નવા સમાવાયેલા વિસ્તારોને પણ લાગુ પડે છે.

હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા સમાવાયેલા ઉપરોકત વિસ્તારોમાં અગાઉ જે તે નગરપાલિકા / ગ્રામપંચાયત દ્વારા ઉભી કરવામાં આવેલી પીવાના પાણી પુરુ પાડવાની વ્યવસ્થા મારફતે પીવાનું પાણી પરુ પાડવા નું ચાલુ રાખવામાં આવેલ છે.

ઔડા દ્વારા તૈયાર કરવામાં આવેલ પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનામાં કુલ ૩૫ ગ્રામપંચાયત / નગરપાલિંકા વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ હતો. તે પૈકી પ્રથમ તબકકામાં ૧૬ ગ્રામપંચાયત / નગરપાલિકા વિસ્તારમાં નર્મદાના શુધ્ધ કરેલ પાણી વિતરણની યોજના હાથ ધરવામાં આવેલ છે. આવી ગ્રામપંચાયત / નગરપાલિકાની યાદી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧.મેમનગર | ૫. બોડકદેવ | ૯. કાલી | ૧૩. સોલા |
| ૨. જોધપુર | ૬. મોટેરા | ૧૦. ઘાટલોડીયા | ૧૪. થલતેજ |
| ૩. વસ્ત્રાપુર | ૭. ચાંદલોડીયા | ૧૧. ગોતા | ૧૫. વેજલપુર |
| ૪. રાણીપ | ૮. ચાંદખેડા | ૧૨. સરખેજ | ૧૬. આંબલી |

અ.મ્યુ.કો. ની હદમાં સમાવાયેલા નવા વિસ્તાર પૈકી જયાં પશ્ચિમ ઔડા વિસ્તારની પાણી પુરવઠા યોજના હેઠળ કરેલી વ્યવસ્થા મુજબ પાણી આપવાનું થતું હોય ત્યાં સહેલાઇથી બનતી ત્વરાએ ઉચીં ગુણવત્તાવાળું નર્મદાનું પાણી પુરુ પાડી આ વિસ્તારના નાગરીકોને બોર આધારીત ક્ષારાશ તેમજ કલોરાઇડયુકત પીવાના પાળીથી પડતી આરોગ્ય, સુખાકારી પરની વિપરીત અસરથી પડતી મુશ્કેલી દુર કરવા ના હેતુથી આ વિસ્તારોને આ યોજના હેઠળ ઉભા કરવામાં આવેલા ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ટ્રંકમેઈન મારફતે વિતરણ કરવા માટે પાણી પુરુ પાડવાનું આયોજન કરવામાં આવેલ છે તે મુજબ આ વિસ્તારોને બનાવવામાં વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં જાસપુર ખાતેના ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણી આપવા માં આવે છે. આયોજનાની તાંત્રીક ડીઝાઈન મુજબ પ્રતિ વ્યકિત ૧૪૦ લીટર/પ્રતિ દિન મુજબ પાણી જથ્થો ૮ કલાક ના કુલ સપ્લાયમાં આપવાનું આયોજન કરેલ છે.

નર્મદા કેનાલ આધારીત આ યોજનાની પાણી વિતરણ વ્યવસ્થાની તાંત્રિક ડીઝાઈનને કારણે અ.મ્યુ.કો. ની હયાત પાણીની વિતરણ વ્યવસ્થાથ જુદી પડે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની વર્તમાન પાણીની વિતરણ વ્યવદ્થા મુજબ દરરોજ બેથી અઢી કલાક માટે પાણી વિતરણ કરવામાં આવે છે જયારે પશ્ચિમ ઔડા વિસ્તારની પાણી પુરવઠા યોજના મુજબ દરરોજ આઠ કલાક માં તેટલો પાણીના જથ્થો વિતરણ કરવા માટે આયોજ કરેલ છે.

જે ૧૨ નગરપાલિકા / ૧૮ ગ્રામપંચાયત ના વિસ્તારનો અ. મ્યુ.કો. માં સમાવેશ કરવામાં આવેલ છે તે પૈકી જે ગ્રામપંચાયત / નગરપાલિકા વિસ્તારનો સમાવેશ પશ્ચિમ ઔડા વિસ્તારની પાણી પુરવઠા યોજનામાં થતો નથી તે વિસ્તારમાં જે તે નગરપાલિકા / ગ્રામપંચાયર દ્વારા બનાવેલ બોર આધારીત હયાત વ્યવસ્થા ચાલુ રહે છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) ના પશ્ચિમ વિસ્તારમાં આવેલ નગરપાલિકા / ગ્રામપંચાયતોને ઔડા દ્વારા નર્મદા કેનાલ આધારીત જાસપુર ખાતે તિયાર કરાયેલ વોટર સપ્લાય પ્રોજેકટની તાંત્રિક ડીઝાઈન અને ગોઠવાયેલ નેટવર્કની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાનમાં લઈ ઔડાના સદરહુ વોટર સપ્લાય પ્રોજેકટમાંથી જેઓને ઔડા દ્વારા કાયદેસર ગટર કનેકશન આપવામાં આવેલ છે. તેઓને નવા પાણીના કનેકશનો આપવા તથા અગાઉ ઔડાએ નકકી કરેલા વનટાઈમ કનેકશન ચાર્જમાં ફેરફાર કરીને પાણીના કનેશનનો ચાર્જ પાણીના કનેકશનના અરજીપત્રકમાં માં જણાવ્યા મુજબ નીતિ નકકી કરવા માં આવેલ છે.

## <u>પાણીના કનેક્શન અંગેની સુધારેલી નીતિ</u>

૨૦૦૬-૦૭ માં અમદાવાદ શહેરની હદમાં સમાવિષ્ટ વિસ્તારો પૈકી નવા પશ્ચિમ ઝોનના જે વિસ્તારોમાં ઔડા દ્વારા પાણી પુરવઠા યોજના અમલમાં મુકવામાં આવેલ છે તેવા વિસ્તારો માટે સ્ટે.ક.ઠ.નં.૧૦૫૭ તા.૧૫/૧૨/૦૬ થી તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠ.નં.૮૬૮ તા.૨૭/૧૨/૦૬ થી પાણીના કનેક્શનો માટે અલગ નીતિ નક્કી કરવામાં આવેલ છે.

પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજના અંતર્ગત પાણીના કનેક્શન આપવા અંગે ઔડા દ્વારા નિયત કરાયેલ દરેક નવા કનેક્શન સમયે દરેક ઘર / યુનિટ દીઠ વનટાઈમ કનેક્શન ચાર્જ લેવાની નીતિ નક્કી કરવામાં આવેલ હતી જે નીતિ અ.મ્યુ.કો. દ્વારા ચાલુ રાખેલ છે પરંતુ ઔડાના નિયત કરાયેલ ચાર્જનાં દરોમાં ઘટાડો કરી નવા દરો નિયત કરેલ છે. તે મુજબ રહેણાંક તથા વાણિજ્યના હેતુ માટે નિયત પાણીના કનેક્શનના વનટાઈમ ચાર્જીસ કાયમ રાખવામાં આવે છે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

આ મંજુર નીતિ મુજબ કનેક્શન આપવાની અમલીકરણ પ્રક્રિયા દરમિયાન જોવા મળેલ વ્યવહારિક મુશ્કેલીઓ ધ્યાને લેતા તથા સમગ્ર યોજના લોકાભિમુખ રહે તે હેતુથી ઉપરોક્ત મંજુર નીતિમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે.

૧) પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનાની મુળ ડીઝાઈન મુજબ પ્રતિ વ્યક્તિ ૧૪૦ લિટર / પ્રતિ દિન પાણીનો જથ્થો મળે તે મુજબ એવરેજ ૫ વ્યક્તિનું કુટુંબ ગણતાં ૭૦૦ લીટર પાણી પ્રતિ ઘર/યુનિટ મુજબ આપવા પાત્ર કુલ જથ્થો જે તે સોસાયટીના કોમન સમ્પમાં ૮ કલાક સમય પ્રમાણે પાણી પુરવઠો ટેક.કન્સલટન્ટ મલ્ટીમીડીયા કન્સલ્ટીંગ એન્જી. દ્વારા ભલામણ કરવામાં આવેલ કનેક્શનની સાઈઝ મુજબના કનેક્શનો દ્વારા આપવાની નિતી અમલમાં છે.

ઔડા દ્વારા બનાવવામાં આવેલ પાણી વિતરણ કેન્દ્રોની ભૂગર્ભ ટાંકીની ક્ષમતા તથા પંપોની ક્ષમતા તથા પાઈપ લાઈનોની સાઈઝ પણ ડીઝાઈન જથ્થો આઠ કલાકમાં વિતરણ કરવા માટે ગણતરી કરી તે મુજબ બનાવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટની મુળ ડીઝાઈન મુજબ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં નગરપાલીકા / ગ્રામપંચાયત દ્વારા હયાત બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થાના કનેક્શનો ધરાવતા લોકોને પણ નવી લાઈનો પરથી ડીઝાઈન મુજબ નવા કનેક્શનો આપવાના હતા પરંતુ હયાત ચાલુ વ્યવસ્થા પરથી નવી વ્યવસ્થામાં રૂપાંતર કરવામાં સમય જાય તેમ હોઈ તથા નવી વ્યવસ્થા સંપુર્ણ કાર્યરત ન હોઈ લોકોને નર્મદાના શુધ્ધ કરેલા પાણીનો તુરંત લાભ મળે તે હેતુથી ઔડાના નવા પંપહાઉસથી નગરપાલીકા / ગ્રામપંચાયતની હયાત ઓવરહેડ ટાંકીઓ તથા બોરઆધારિત હયાત ચાલુ પાણીની નેટવર્ક દ્વારા લોકોને નર્મદાના પાણી શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ અને તે મુજબ મોટાભાગના વિસ્તારોમાં મહદઅંશે હાલ તે કાર્યરત છે.આ સાથે ઔડાની નવી લાઈનો ચાલુ કરી તેના પરથી નવા કનેક્શનો આપવાની કામગીરી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નવા પશ્ચિમ ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

નવા કનેક્શન આપવાની નિતીના અમલીકરણ દરમ્યાન નવા કનેક્શનો પરથી ઉપલબ્ધ થતો પાણી પુરવઠો પુરતો ન હોવાનું જણાયેલ છે. આ ઉપરાંત બોડકદેવ, જોધપુર, વસ્ત્રાપુર, મેમનગર, રાણીપ વિ. વિસ્તારોમાં જ્યાં ઔડા દ્વારા જુની હયાત લાઈનો ૮ કલાક સપ્લાય માટે વપરાશમાં લેવાનું ગણી નવી લાઈનો નાંખેલ નથી ત્યાં નવા કનેક્શનો આપી શકાતા નથી અથવા હયાત ચાલુ એક / બે કલાકની પાણીની લાઈનો પરથી ૮ કલાક મુજબના નાની સાઈઝનાં કનેક્શનો આપવાથી આવા અરજદારોને પુરતા પ્રમાણમાં પાણી પુરવઠો આપી શકાતો નથી.

આથી પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં હયાત ચાલુ નગરપાલીકા / પંચાયત સમયની જુની લાઈનો ઉપરથી અપાતા પાણી પુરવઠાની સાથે સાથે નવી લાઈનો ઉપરથી અપાતા અથવા જુની લાઈનો પરથી આપવાનાં થતા કનેક્શનોની સાઈઝો માટેની ફેર સમીક્ષા કરવાનું નક્કી થયું તથા જે તે નગરપાલીકા / પંચાયત દ્વારા પાણીના અપાતા કનેક્શનોની સાઈઝ માટેના નિયમો તથા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુની હદમાં પ્રવર્તતા પાણીનાં કનેક્શનની સાઈઝ માટેનાં નિયમોનો અભ્યાસ કરી તે મુજબ સમગ્ર વિસ્તાર માટે ૨ કલાક સપ્લાય મુજબ અથવા પ્રતિઘર ૭૦૦ લિટર પાણી પ્રતિદિન મળી રહે તે રીતે પાણીના કનેક્શન આપવા અંગે લોકો તરફથી આવેલ ફરિયાદો તથા રજુઆતોને ધ્યાને લેતાં તથા હયાત નેટવર્ક તથા ઔડાની યોજના મુજબની લાઈનો, ભુગર્ભટાંકીઓ તથા પંપો ની ક્ષમતાને ધ્યાને લેતા હાલ હયાત પાણીની લાઈનો તથા નવી લાઈનો ઉપરથી સૌને ઓછામાં ઓછા ૭૦૦લિટર પાણી / પ્રતિદિન / પ્રતિ ઘર મળે તે તે મુજબ આયોજન કરતાં પશ્ચિમ ઔડા

પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાયેલ નવા પશ્ચિમ ઝોનના વિસ્તારો પુરતી નીચે મુજબ ઘરોની સંખ્યા મુજબ પાણીના કનેક્શનોની સાઈઝ ખાતા દ્વારા નક્કી કરવાની રહેશે.

૧(બ) જે વિસ્તારોમાં ફક્ત આઠ કલાકના જ કનેક્શન હોય તે વિસ્તારોમાં કોઈ ફેરફાર કરવો જરૂરી નથી તે વિસ્તારોમાં આઠ કલાકની ડીઝાઈન મુજબના જ કનેક્શન આપવાના રહેશે.

સોસાયટી / એપાર્ટમેન્ટ / કોમ્પલેક્ષ ના કીસ્સાઓમાં પાણીનું કનેક્શન ફાઈનલ પ્લોટ દીઠ કોમન સમ્પમાં આપવાની નીતિ ચાલુ રાખીએ પરંતુ અલગ અલગ પ્રકારના ફ્લેટ કે ટાવર ટાઈપના બાંધકામ કે બ્લોકના કીસ્સાઓમાં વિભાગીય ભૂગર્ભ ટાંકીમાં જે તે ટાંકી પર આધારિત યુનિટોની સંખ્યા પ્રમાણે વિભાગ મુજબ અલગ અલગ કનેક્શન આપીએ તથા જે જુની સોસાયટીઓમાં કોમન ભૂગર્ભ ટાંકી હયાત નથી તેવા કીસ્સામાં તેઓ ભૂગર્ભ ટાંકી બનાવી તેમની આંતરિક વિતરણ વ્યવસ્થા કરે તે પછીજ પાણીનું કનેક્શન આપવાનું રહેશે.

